**અજય દત્તાણી : ૭૪૦૦૧૭૦૨૦૩ / ૯૮૬૯૦૭૦૨૦૩**

**કુણાલ : ૯૮૨૩૯૯૬૨૨૯ / ૮૯૯૧૫૨૭૬૬**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત**

# પ્રવાસ પર્યટન

## તા. ૧૨-૧-૨૦૨૦ ને રવિવાર
## સ્થળ : સાઈલેન્ટ રિસોર્ટ, મનોર

સહર્ષ જણાવતા આનંદ થાય છે કે ઘણા વર્ષો પછી ઉપરોક્ત સ્થળ પર પ્રવાસનું આયોજન કરેલું છે. જત જણાવવાનું કે મુંબઈથી ૧ બસ અને બોરીવલી થી ૨ બસ નક્કી કરવામાં આવી છે. તેના સ્થળ નીચે મુજબ છે.

**મુંબઈ** : સરદાર પાવભાજી, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦ ૦૩૪

**સમય : સવારે ૬.૩૦ કલાકે મનોજભાઈ પરીખ - ૯૮૨૦૪૩૯૧૩૪**

**બોરીવલી** : સુમેર નગર બ્રીજ કોરા કેન્દ્ર હોલની સામે, બોરીવલી વેસ્ટ, મુંબઈ-૯૨

**સમય : સવારે ૭.૦૦ કલાકે ઉર્મિલભાઈ કડકીયા - ૯૮૧૯૧૮૩૩૭૯**

જે કોઈ ને વધુ વિગત જાણવી હોય તેમને ઉપર આપેલા મોબાઈલ નંબર પર જાણી લેવી.

**મંત્રી** — **ભાવેશભાઈ મોદી**

**સંયોજક** — **ઉર્મિલભાઈ કડકીયા**

**S.R. Mody**

**Shree Light Corporation**

173, K.M. Sharma Marg, (Lohar Chawl),
Manhar Bldg., Ground Floor,
Mumbai - 400002, Maharashtra (India.)

**Tel. # 022-40221446/22081440.**
**Cell # 9082363153 (10.00 AM to 07.00 PM)**

Authorised Dealers For :

**Crompton Fans • Philips Lighting • Philips Switches,**
**Eveready Cell /Torch / Appliances & Duracell.**

# SHAH & SHAH ENTERPRISE

1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.

022 - 2201 7283 info@shahent.co.in www.shahent.co.in

+91-98198 17568 / 98670 13920 Lohar Chawl Talk Free Extension – *743

## Authorized Stockists:

MERSEN

*Expertise, our source of energy*




Solar PV Fuse | Time Delay Fuse | Midget Fast-Acting Fuse | UltraSafe™ FuseHolder



Protistor fuse (all sizes) | BS Semiconductor fuse | Semiconductor | SPDs

D-Link®

Building Networks for People





મનીષા બિમીશ શાહ (ઉજળાવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

# ઉખાણાં

## અક્કલની કઈ બારી ખોલવી ? ?

(૧) તમે કોની મા ના બાપ ના દિકરા ? કહો....

(૨) અડ અડ કહે તો અહી નહીં ને
અડ મા કહે તો અડે... કહો....

(૩) આપણું છે (પોતીકું), સાથે રહે છે.
પરંતુ પકડી શકતા નથી.... કહો....

(૪) લાલ પત્થર, લીલા સમુદ્રમાં ફેંકીએ
તો કહો કહો શું થાય ?

(૫) તેર પગારુ તેતરડું, શેરીએ ચાલ્યું જાય,
રાજા પૂછે રાણીને તે કયું જનાવર જાય ? કહો....

(૬) લાંબ લાંબુ લસપસ
ત્રણ માથા ને દસ પગ કહો....

(૭) એવુ કયું ફળ છે જે
પીવાય ને ખવાય છે કહો....

(૮) એવી કઈ ચીજ છે, જે ચાલતા ચાલતા થાકી જાય,
પણ મોઢુ કાપો, તો ચાલવા માંડે કહો....

(૯) ત્રણ ભાઈઓ, દોડી દોડી ને થાકી જાય
તોય ક્યારેય ભેગા થતા નથી કહો....

(૧૦) એવી કઈ ચીજ છે જેની પાસે રીંગ છે,
પરંતુ તે પહેરવા આંગળી નથી. કહો....

(૧૧) ૨૦2૦ માં શું ખતમ થઈ જશે ? કહો....

(૧૨) મનુની માને ચાર દિકરા,
કનુ, ભનુ ને વિનુ
તો ચોથા નું નામ શું ? કહો....

(૧૩) એવું શું છે જે સૂર્ય એ
પૃથ્વી પર નથી જોયું.. કહો....

(૧૪) કાળો છે પણ, કાગડો નથી
મોટો છે પણ, ડરામણો નથી
કરે નાક થી બધું કામ, કહો એનું નામ કહો....

(૧૫) શરીર છે કઠણ, મોઢા આઠ
ચહેરો છે ઓળખીતો, મોં માં નથી જીભ
છતાં બોલે મીઠી મીઠી વાણી.... કહો....

(૧૬) પાંચ વેંતની પૂતળી, મુખ લોઢા ના દાંત
નારી સંગ નીત રમે, ચતુર કરો વિચાર કહો....

**જવાબ :** (૧) ભાણેજ (૨) હોઠ (૩) પડછાયો (૪) ભીનો થાય (૫) બળદગાડુ (૬) કોષ (૭) શ્રીફળ (૮) પેન્સીલ (૯) પંખાના પાંખિયા (૧૦) મોબાઈલ (૧૧) ૨૦૧૯ (૧૨) મનુ (૧૩) અંધારુ (૧૪) હાથી (૧૫) વાંસળી (૧૬) રવૈયો

## મો હે રંગ દે



# SWETA ELECTRIC CORPORATION

**71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002**

**TEL NO.: 22087171 / 22088662 / 65207269**


**Email: sweta@xlelectricals.com**

**PRAFUL SHAH : MOB: 98339 25359**


## AUTHORISED DEALERS

dowell's®

AN ISD 9001 - 20001 CERTIFIED CO



BRASS CABLE GLANDS



LAUG AND TOOLS

શિયાળાની સોડમ

## અડદીયા પાક

✍ આભા ઉદય શાહ (પડાલવાળા)

**સામગ્રી :** અડદનો કરકરો લોટ ૫૦૦ ગ્રામ, ઘી - ૧ કિલો, દળેલી ખાંડ - ૭૫૦ ગ્રામ, બદામ પીસ્તા - ૨૫૦ ગ્રામ ભુક્કો કરેલ, દળેલી સૂંઠ - ૧૦૦ ગ્રામ, ખાંડેલા પીપરી મૂળ - ૫૦ ગ્રામ, વાટેલી એલચી - અર્ધી ચમચી, જાયફળ વાટેલા - અર્ધી ચમચી, ખસખસ - ૫૦ ગ્રામ, ગુંદર કણીદાર - ૫૦ ગ્રામ

**બનાવવાની રીત :** સૌ પ્રથમ એક વાસણમાં થોડુ ઘી લઈ તેમાં ગુંદર તળી લેવો. ગુંદર ફુલીને ડબલ થાય કે તરત કાઢી લેવો. તેને બ્રાઉન તળવો નહીં. હવે આ વાસણમાં ૨૫૦ ગ્રામ ઘી લો તે ઓગળે એટલે તેમાં અડદનો લોટ ઉમેરી ધીમા તાપે શેકતા રહો. લોટ બદામી રંગનો થાય અને શેકાવાની સરસ સુગંધ આવે એટલે ગેસ બંધ કરી દેવો અને વાસણને નીચે ઉતારી લેવું. પછી તરત જ તેમાં ડ્રાયફ્રુટ, સૂંઠ, ખાંડ, એલચી, જાયફળનો પાવડર, પીપરીમૂળ (અથવા બત્રીસુ), ખસખસ અને ગુંદર બધું જ નાખવું અને હલાવતા રહેવું. હવે વધારાનું ઘી ગરમ કરી તેમાં નાખવું. હવે આ મિશ્રણને એકમ મોટી ડીશમાં અથવા થાળીમાં ઘી લગાવી તેમાં પાથરી દેવું અને બરાબર સેટ કરી ઠરવા દેવું. ઉપર બદામનું ડેકોરેશન કરી શકાય. ત્યારબાદ મનગમતા આકારમાં ટુકડા કાપી ડબ્બામાં ભરી દેવા.

## ચાલ મળીને એક ધગધગતું તાપણું સળાગાવીએ

ઠરી ગયેલા 'શબ્દો' માં કુણી 'લાગણીઓ' ભડકાવીએ...
તું 'અહમ' રૂપી લાકડા 'સળગાવ'
હું 'વહેમ' રૂપી હૂંફને 'બાળું'
'ઉષ્માભર્યા' વાતાવરણમાં જાતને 'શેકીયે'
'કંકાસ'ના કવચ કુંડળ કાઢીને 'ફેંકીયે'
'આકાશે' ઉડતી 'ધુમાડા' ની સેરમાં
'જુદાઈ'ને વળાવીએ
'મિલન'નાં મીઠાં 'તણખાઓ' ને ગળે લગાડીએ...
ચાલ બધું 'ભૂલી'ને એક 'તાપણું' સળગાવીએ
થર થર 'ધ્રુજતી' આ 'ઠંડી'માં
'અનોખો તહેવાર' મનાવીએ...
આપ સૌને 'ગુલાબી' ઠંડીની શુભેચ્છાઓ...

સંકલન

## જાતે જુઓ – સાંભળો પછી નિર્ણય કરો

આંખ અને કાનની વચ્ચે ચાર આંગળીનું અંતર છે. આંખ મારફતે જોયેલી અને કાન મારફતે સાંભળેલી વાતમાં તફાવત હોય છે. જે મનુષ્ય આપણને કોઈ વાત સંભળાવે છે તેને સંભળાવવામાં એક તો તેના પોતાના સંસ્કાર, સ્વભાવ તેમાં ભળી જાય છે પછી જેવી તેની સ્થિતિ હશે તે પ્રમાણે જ તે સંભળાવશે. બીજું તેણે જે બનાવ વૃત્તાંત અથવા વ્યક્તિ જોઈ હશે, તેના સંબંધમાં તે પોતાનું અનુમાન પણ લગાવશે. એથી સંસ્કારો સિવાય તે પોતાનું અનુમાન (ભાવ) પણ તેમાં મેળવશે પછી આપણને સંભળાવવામાં તેનો જે ભાવ (AIM) હશે તેમાં મીઠું મરચું ભભરાવશે. ત્રીજું કોઈને વાત સંભળાવવામાં કોઈમાં જોર (Force) હશે, કોઈ ઢીલા હશે. ચોથું જે કોઈએ વાત જોઈ અથવા સાંભળી હોય તેવી તો કોઈપણ ન સંભળાવી શકે પરંતુ કંઈક તે ન ઈચ્છે તો પણ મીક્સ થઈ જાય છે. એથી સાંભળેલી-સંભળાવેલી વાતોના આધારે પોતાની અવસ્થા બગાડવી ન જોઈએ પરંતુ પોતે જાતે તપાસ કરી માનવી જોઈએ કેમ કે આંખ અને કાન વચ્ચે ચાર આંગળીનું અંતર છે.


A Family Entertainment
-for all age groups

Colours of Entertainment
The Gold Club
- WHERE MEMBERSHIP IS PRIDE

**PRE INAUGURAL PROGRAM**
Sunday, 26/01/2020 at Sophia Auditorium, 4.45 p.m. onwards
Qawwali program with hits of
Rahat Fateh Ali Khan & Kailash Kher.
Artists : Devyani Bendre, Nusrat Waseem,
Habib Sabri, Manoj Tiwari & Anil Sharma
Compere : Sushil Kumar
**Special appearance : Popular Rashid Khan maestro on Benjo**
(Pardah hai parda hai / Ek, do, teen / Kajra re kajra re / Karma theme music / Tu cheez badi hai mast mast fame)
8 musicians with 8 chorus artists.
Dress theme : Gents - Salwar Kurta or Pathani. Ladies - Anarkali
Membership Fees : Rs. 5,000/- per head
(8 programs - with food in all)
All programs on Sat. Sun. & Bank Holidays only.
Extra Qawwali program for members joining **THE GOLD CLUB**
INAUGURAL PROGRAMME (In April)
Mesmerizing Burmans - Popular hits with 20 plus musicians. details to follow soon.
**Membership cheques to be drawn in favour of The Third Eye**
**Contact : 9833892144 or Known Members**

Committee members from Our Community
Dr. Kiran M. Shah, Paresh Kadakia, Nikhil Kacheria, Dharmesh Kadakia, Yogesh Parikh, Tushar Dharia, Kritarth Kadakia Jitendra Parekh, Shailesh Mody, Mayank Kadakia, Biren Mody,

THE GOLD CLUB
**ENTERTAINMENTS NEW LANGUAGE**
**- social cum cultural extravaganza at its best**

# તમારા સ્નેહભાવને પરંપરાગત ગુજરાતી અલંકારોથી વ્યક્ત કરો !



પેઢી દર પેઢીના વારસાગત અનુભવથી અમારી કારીગરીએ ઘણા પારખુ ગ્રાહકોને સંમોહીત કર્યા છે.
નકશીકામની ગુણવત્તા કહો કે પછી શ્રેષ્ઠકૃતિની રચના,
જોતાં જ ગમી જાય એવા અલંકારો અમે આપની સમક્ષ પ્રસ્તુત કરીએ છિએ.

પધારો; પરંપરાગત ગુજરાતી અલંકારોની ઉત્કૃષ્ટ શ્રેણી
અમારા એકમાત્ર બુટિક – એસ. વી. રોડ, અંધેરી ખાતે નિહાળો.

Since 1962

**સોની શિવલાલ જ્વેલર્સ પ્રા. લિ.**

સુવર્ણ અને હિરાનું કલાત્મક સંગ્રહસ્થાન, ખરીદદાર, વેચનાર, નિકાસકર્તા અને સરકારમાન્ય વેલ્યુઅર

શો-રૂમ : શૉપ નં. ૧ અને ૨, સેન્ટર સ્ક્વેઅર બિલ્ડીંગ, ફિદાઈ ઍકેડમીની બાજુમાં,
એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૮ | ફોન : +૯૧-૨૨-૨૬૭૦ ૫૪૫૪ / ૪૦૧૩ ૯૧૫૫

**આતિથ્ય**

✍ આભા ઉદય શાહ (પડાલવાળા)

## પાયનેપલ કેક

**સામગ્રી :** ૧ ટીન - કંડેશનલ મીલ્ક, ૧ ચમચી -બેકીંગ પાવડર, ૧ ચમચી - ખાવાનો સોડા, ૨ વાટકી - મેંદો, ૧ ચમચી - પાઈનેપલ એસેંસ, અડધો થી દોઢ કપ - પાઈનેપલ જ્યુસ

**રીત :** કંડેશનલ મીલ્કને એક તપેલીમાં નાખી મેંદો નાખી ફીણવાનું અને પછી બેકીંગ પાવડર, ખાવાનો સોડા મીક્સ કરવો. પાઈનેપલ એસેંસ અને જ્યુસ નાખી મીક્સ કરી ફીણી અને ટીનમાં નાખી જીણા સમારેલા ટુકડા અને ચેરીના ટુકડા નાખી માઈક્રોવેવ ૨૫૦ સેન્ટીગ્રેટ પર ૨૫ થી ૩૦ મીનીટ બેક કરવી.

## ચોકલેટ સ્પોંજી કેક

**સામગ્રી :** ૧૭૫ ગ્રામ - સાકર, ૪૦ ગ્રામ - કોકો પાવડર, ૯૦ ગ્રામ - મેંદો, ૩૦ ગ્રામ - કુકીંગ બટર (ઓગાળેલું), ૨૦ ગ્રામ - કોર્નફ્લોર

**રીત :** મેંદો, કોકો પાવડર, કોર્ન ફ્લોર ત્રણેય મીક્ષ કરી ચાળી લેવું. પછી એક વાસણમાં સાકર લઈ જ્યા સુધી સુવાળું મીશ્રણ થાય ત્યાં સુધી ખુબ ફીણવું. આ મીશ્રણમાં ત્રણે મીક્ષ કરેલા લોટ મીક્ષ કરતા જવું. માખણ પણ મીક્ષ કરવું. એક વાસણમાં તળીયું અને ચારેબાજુ ગ્રીસ કરવું અને તેમાં તૈયાર કરેલું મીશ્રણ રેડી દેવું. માઈક્રોવેવ, હાઈપર ૮ મિનીટ રાખવું.

# શ્રી બાલાસિનોર મલાડ ટ્રસ્ટ
# સમૂહ ભોજન

મલાડમાં વસતા બાલાસિનોરવાસીઓનું સમૂહ ભોજન રવિવાર તા. ૫-૧-૨૦૨૦ના રોજ સાંજે ૬.૩૦ કલાકે નીચે આપેલ સ્થળે રાખવામાં આવેલ છે. તો સર્વેએ સમયસર હાજર રહેવા નમ્ર વિનંતી છે.

**સ્થળ :** નડીયાદવાલા માર્કેટ હોલ, લક્ષ્મીનારાયણ શોપીંગ સેન્ટર સામે, પોદ્દાર રોડ, મલાડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭

**લી. કમલેશ ચંદ્રકાતં દોશી - ૯૦૦૪૬૨૧૦૬૨**


**ગોપાલ જયંતિલાલ ભટ્ટ** (ગોર)

**(જ્યોતિર્વિદ-મુંબઈ)**

**Sankalp Astrologist & Palmist**

તથા


**દક્ષેસ ભટ્ટ**



જ્યોતિષ ને લગતું દરેક કાર્ય, જન્માક્ષર મેળાપક, હસ્તોત્રી પત્રિકાના, ગ્રહોના જાપ અનુષ્ઠાન, લગ્ન, ગ્રહશાંતિ, વાસ્તુશાંતિ, જ્યેષ્ઠા શાંતિ, આશ્લેષાશાંતિ, મુળશાંતિ, કાલસર્પદોષ શાંતિ, પિતૃદોષ શાંતિ, શ્રીમંત સંસ્કાર, નવચંડી, નારાયણ બલિ, ડાઉઝીંગ ટેલિથેરીપી દ્વારા વિવિધ પ્રશ્નનું યોગ્ય માર્ગદર્શન તથા મહાપૂજાનું વેદોક્ત પુરાણોક્ત શાસ્ત્રોકાર અને પુષ્ટિ માર્ગ વિધિ થી સંતોષ પૂર્વક કાર્ય કરનાર.

૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી, બાણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
પીપળા શેરી, બજારમાં-બાલાસિનોર ફોન : ૦૨૬૯૦ ૨૬૭૦૪૯
**Email :** gopaljbhatt@yahoo.co.in ● bhattgopal59@gmail.com

✆ : ૨૩૬૭ ૩૪૯૯, ૨૩૬૧૩૬૨૨
મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨



।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જ્યો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**
(બી.એ.વીથ સંસ્કૃત) (જ્યોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોકત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭
(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત
### જ્યોતિપુંજ કવિતા ઈનામી સ્પર્ધા
## ‘કૃષ્ણ પર કાવ્ય’

### જય શ્રીકૃષ્ણં શરણં મમ્

કૃષ્ણ તારા ગુણ છે અપાર
કૃષ્ણ તારા કામ છે અમાપ
કૃષ્ણ તારી લીલા છે અવિનાશી
કૃષ્ણ તારી માયા છે મોહમાયી
કૃષ્ણ ગોકુળમાં જનમ લેનારા
કૃષ્ણ કારાગૃહમાં પ્રગટનારા
કૃષ્ણ નંદનંદનના લાલા
કૃષ્ણ દેવકીજીના વ્હાલા
કૃષ્ણ યમુનાતટે ખેલનારા
કૃષ્ણ ગોપીઓના વ્હાલા
કૃષ્ણ ગાયોના રખવાળા
કૃષ્ણ મોરલીધારી વાળા
કૃષ્ણ મોરપીંછને ધરનારા
કૃષ્ણ પુતના મારીને હરખાયા
કૃષ્ણ ઋષિ પત્નીના વ્હાલા
કૃષ્ણ કુબજા ઉધ્ધારક વાળા
કૃષ્ણ ગિરિવરધારી વાળા
કૃષ્ણ કંસને મારી હરનારા
કૃષ્ણ વિદુરજીને પ્યારા
કૃષ્ણ સુભદ્રાવીરા કહેનારા
કૃષ્ણ યોગેશ્વર કહેવાયા
કૃષ્ણ સર્વેશ્વર ગણાય



– સુધા પી.કે. શાહ

## રાધાજી પુછે છે વાત

રાધાજી પુછે છે વાત, કાન તમે કેમ થયા કાળા,
આપે છે કૃષ્ણ જવાબ, રાધા અમે એમ થયા કાળા.
ગોરા છે નંદ અને ગોરા જશોદા
ગોરા છે બલભદ્ર વીર.... કૃષ્ણ તમે કેમ થયા કાળા
અંધારી રાતે અમે જેલમાં જન્મયા
લાગી ગયો કોટડીનો ડાઘ - રાધા અમે એમ થયા કાળા
ગોરા છે માખણ ને ગોરા છે મિશ્રી
ગોરા છે દૂધ અને દહીં.... કાન તમે કેમ થયા કાળા
ગોપીઓના નયનોમાં અમારો વાસ છે
લાગી ગયો કાજળનો ડાઘ - રાધા અમે એમ થયા કાળા
ગોરા છે સુર્પ અને ગોરા છે ચંદ્રમાં
ગોરા છે નવલખ તારા... કાન તમે કેમ થયા કાળા
કાલિન્દીમાં અને કાળી નાગ નાથ્યો
લાગી એના મુખની વરાળ - રાધા અમે એમ થયા કાળા
બોલવામાં તમે ચતુર શિરોમણી
વ્હાલા લાગો છો સુંદર શ્યામ....કાન તમે કેમ થયા કાળા
તમારા રૂપનો મહિમા વધારવા
અમે બન્યા ઘનશ્યામ. રાધા અમે એમ થયા કાળા

– સોનલ શશીકાંત મોદી (ઠાકુરદ્વાર)

## સાચા સત્સંગમાં રે મને કાનો દેખાય છે

સાચા સત્સંગમાં રે, આજ મને કાનો દેખાય છે.....સાચા
ભક્તિના રંગમાં રે, આજ મને કાનો દેખાય છે.
જુનાગઢના ગામ છે ને નાગરોની નાત છે
નરસૈયાના ધામ મારે આજ મને કાનો દેખાય છે....સાચા
ચિત્તોડ ગામ છે ને મેવાડની નાત છે.
મીરાના ઝેરમાં રે આજ મને કાનો દેખાય છે..... સાચા
યાદવ કુળ છે ને પાંડવોનું ધામ છે
દ્રૌપદીના ચીરમાં રે આજ મને કાનો દેખાય છે.... સાચા
વીરપુર ગામ છે ને લુવાણાની નાત છે.
જલારામના ધામમાં રે આજ મને કાનો દેખાય છે... સાચા
ગોકુળીયું ગામ છે ને તીરથનું ધામ છે
જશોદાની ગોદમાં કે આજ મને કાનો દેખાય છે.... સાચા
વૃંદાવન ધામ છે ને વ્રજવાસીની નાત છે.
તુલસીના છોડમાં રે આજ મને કાનો દેખાય... સાચા

– અમી જીગ્નેશ પરીખ (ચિરાબજાર)

લગ્ન ગીતો

# લગનમાં અંતરના આનંદને છલકાવા દો....!

✍ સંકલન - નિમિષા કડકીઆ (મરઘા)

## પરથમ ગણેશ બેસાડો

પરથમ ગણેશ બેસાડો, રે મારા ગણેશ દુંદાળા
ગણેશ દુંદાળા ને મોટી ફાંદાળા
ગણેશજી વરદાન દેજો રે, મારા ગણેશ દુંદાળા
પરથમ ગણેશ બેસાડો, રે મારા ગણેશ દુંદાળા
વર-વહુના ઘરે લગન લેવાળા
સર્વ વિઘ્ન એના હરજો રે, મારા ગણેશ દુંદાળા
પરથમ ગણેશ બેસાડો, રે મારા ગણેશ દુંદાળા
પધારો ગણેશજીને, પધારો મારા પરમેશ્વર
તમે આવો તો રંગ રહેશે, મારા ગણેશ દુંદાળા
પરથમ ગણેશ બેસાડો, રે મારા ગણેશ દુંદાળા
ગણેશજી વરદાન દેજો રે, મારા ગણેશ દુંદાળા

## આંગણીયા સજાવો આજ

આંગણીયા સજવો આજ, તોરણ બંધાવો... (૨)
ઢોલીડા વગડાવો આજ, તોરણ બંધાવો...
ઢમ ઢમ વાગે ઢોલકા ને શરણાઈ નાસૂર વાગે
ચોકે બાંધ્યા ચંદરવા ને રૂમઝુમ ઝાંઝર વાગે
ઝાંઝરીયા ઝમકાવો આજ, તોરણ બંધાવો...
આંગણીયા..... (૨)
મહેકી ઉઠ્યો માંડવો ને મંગળ ગીત ગવાય
એકમેકના મન મળે ને હૈયે સૌ હરખાય
ફૂલડેથી વધાવો આજ તોરણ બંધાવો...
આંગણીયા સજાવો આજ તોરણ બંધાવો...
ઢોલીડા વગડાવો આજ તોરણ બંધાવો...

## કંકુ છાંટી કંકોતરી મોકલો


કંકુ છાંટી કંકોતરી મોકલો, કેસર છાંટી કંકોતરી મોકલો
માંહે લખો મારી બેનીબાનું નામ, માણેક સ્તંભ રોપીયો
જેની જગમાં નહી જડે રે જોડ રે... કંકુ
મારી બેનીનાં સુખના છોડ...
માણેક સ્તંભ રોપીયો.... કંકુ
પહેલી કંકોતરી કાકા ઘેર મોકલો,
કાકા હોંશે ભત્રીજી પરણાવો,
માણેક સ્તંભ રોપીયો... કંકુ
બીજી કંકોતરી મામા ઘેર મોકલો,
મામા વહેલે મોસાળા લઈ આવો.
માણેક સ્તંભ રોપીયો... કંકુ
ત્રીજી કંકોતરી માસી ઘેર મોકલો,
માસી હરખે ભાણેજ પરણાવો
માણેક સ્તંભ રોપીયો... કંકુ

## કોઈ લાલ લાલ વાંસના માંડવડા બંધાવો

કોઈ લાલ લાલ વાંસના માંડવડા બંધાવો
કોઈ લીલી પીળી ભાતનાં ચંદરવા ચિતરાવો
હે..આજ શુભ દિન.આયો મારે આંગણિયે..કોઈ લાલ....
કંકુ છાંટીને મેં તો લખી રે કંકોતરી
અક્ષત, ફૂલડાથી ફઈબાએ વધાવી
હે.... મેં તો લગન લીધા મારા દીકરાનાં..કોઈ લાલ....
વહેલેરા આવજો મોંઘેરા મહેમાનો
લગનમાં મહાલવાનો અવસર છે સૌનો
રૂડી જાન્યો જોડાશે વરરાજાની..... કોઈ લાલ....



કાંસકો ને કાંસકી સામાસામી વેવાઈના ઘરમાં ધમાધમી
એવી ધમાધમી શા માટે?
દીકરો પરણાવવો એ માટે જાન જોડવી પડે એ માટે
કાંસકો ને કાંસકી સામાસામી વેવાઈના ઘરમાં ધમાધમી
દીકરી પરણાવવી પડે એ માટે કન્યા દાન કરવું પડે એ માટે



(પાના નંબર - ૭ થી ચાલુ)

પ્રતિકરૂપે મગ, ફળના પ્રતીકરૂપે સોપારી, મેવાના પ્રતીકરૂપે ખારેક અને મીઠાઈના પ્રતીકરૂપે સુખડી અને તે સિવાય ઘણી મીઠાઈઓ વગેરે પણ મુકાય છે. રિદ્ધિ સિદ્ધિના પ્રતીકરૂપે નાની મોટી શુકનવંતી ચીજો શુભ ચોઘડિયે ભરવામાં આવે છે અને દીકરીને ઘેર સદાય લીલા લહેર રહે તેવી શુભ કામનાના પ્રતીકરૂપે મા માટલાનું મોઢું ઢાંકવાનું વસ્ત્ર લીલા રંગનું હોય છે અને સગાના સંબંધો કાચા સુતરના તાંતણા જેવા હોય છે તે સહનશીલતાથી, સજ્જનતાથી અને સુવ્યવહારથી અતૂટ રહે અને વ્યવહારના કામો સાંગોપાંગ પાર ઉતારે એના પ્રતીકરૂપે કાચા સુતરનો દડો મા માટલા ઉપર મૂકવામાં આવે છે.

## 卐 સપ્તપદી 卐

આ સમયે બ્રાહ્મણ શ્લોકો બોલતા હોય છે. એના દ્વારા વર કન્યા અરસપરસ સાત પ્રતિજ્ઞાઓ લે છે અને એક બીજાને વફાદાર તેમજ સહાયભૂત થવાના વચન અપાય છે.

**સપ્તપદીના સાત વચનો**

લગ્ન તો જીવનભર સાથ નિભાવવા માટેનું વ્રત છે અને તે માટેની સંપૂર્ણ કટિબદ્ધતા કે પ્રતિજ્ઞાઓનું પ્રતીક છે... સપ્તપદી જેમાં કન્યા દ્વારા વિવિધ પ્રતિજ્ઞાઓમાં....

✤ **સપ્તપદીની પ્રથમ પ્રતિજ્ઞામાં :** વધુ આભારવશ ભાવે તેના પતિને જણાવે છે કે ગત જન્મમાં પોતે કરેલા અસંખ્ય પુણ્યોને કારણે તેને તેઓ પતિના રૂપમાં પ્રાપ્ત થયા છે. આ પ્રતિજ્ઞા દ્વારા વધુ પોતાના પતિને સર્વસ્વ ગણે છે અને આ સૌભાગ્યના પ્રતીક પોતાના કપાળે ચાંલ્લો કરવાનું શરૂ કરે છે.

✤ **સપ્તપદીની બીજી પ્રતીજ્ઞામાં :** વધુ પોતાના પતિના બાળકથી માંડીને અબાલવૃદ્ધ સહિત સંપૂર્ણ પરિવારના લાલનપાલનની ખાત્રી આપે છે. તેમજ ઉપલબ્ધ સાધન સંપન્નતાથી સંતોષ રાખવાનું વચન આપે છે. અહીં પરિવારના દરેક સભ્યોને પ્રેમ, લાગણી અને સેવાભાવથી પોતાના બનાવવાની વાત કરી છે. તદ્ઉપરાંત તેને જે સુખ મળે તેનાથી સંતોષ પામશે એટલે કે તે ખોટો અસંતોષ નહીં રાખે, જેનાથી વધુ આર્થિક ઉપાર્જન માટે તેનો પતિ ખોટા માર્ગો અપનાવે જે સરવાળે સમગ્ર પરિવારને નુકશાનકર્તા નીવડે.

✤ **સપ્તપદીની ત્રીજી પ્રતિજ્ઞામાં :** કન્યા પોતાના પતિની આમાન્યા જાળવવાની તેમજ તેમના માટે ભોજન તૈયાર કરી આપવાનું વચન આપે છે. ભોજન તો હોટલમાં પણ જમી શકાય છે અથવા તો ત્યાંથી ઘરે લાવીને પણ જમી શકાય છે, પરંતુ ઘેર પત્ની દ્વારા પ્રેમપૂર્વક તૈયાર કરવામાં આવેલ ભોજનની મજા કંઈક જુદી જ હોય છે.

✤ **સપ્તપદીની ચોથી પ્રતિજ્ઞામાં :** વધુ સારા શણગાર-શૃંગાર સજી મન, ભાવ, વિચારવાણી, શરીર તેમજ કાર્યથી પોતાના પતિને સહકાર આપવાની વાત કરે છે. શરીરની સ્વચ્છતા-શૃંગાર વગેરે સ્ત્રીના વ્યક્તિત્વને ભવ્યતા બક્ષે છે. આથી સ્ત્રી તેના પતિનું આકર્ષણનું કેન્દ્ર પણ બની રહે છે. અહીં પત્ની બનવાથી તેણે પ્રિયતમા તરીકેની ભૂમિકા ભૂલી નહીં જાય તેમ તેના પતિને ખાત્રી આપે છે.

✤ **સપ્તપદીની પાંચમી પ્રતિજ્ઞામાં :** કન્યા પોતાના પતિને વચન આપે છે કે તે સુખના સમયે આનંદમાં તો રહેશે પરંતુ દુઃખના સમયમાં પોતાની ધીરજ કે સહનશીલતા ગુમાવશે નહીં તેમજ પોતાના પતિના સુખ અને દુઃખમાં ભાગીદાર બનશે તેમજ ક્યારેય પણ પરાયા પુરૂષનો સાથ નિભાવશે નહીં તેવી પણ ખાત્રી આપે છે.

✤ **સપ્તપદીની છઠ્ઠી પ્રતિજ્ઞામાં :** વધુ તેના પતિને કહે છે કે તે પોતાના પતિના ઘરના તમામ કાર્યો આનંદપૂર્વક કરશે તેમજ પતિના માતા-પિતાની સેવા કરશે તેમજ અન્ય સગાં સબંધીઓનો આરદ સત્કાર

કરશે. પતિ જ્યાં રહેશે તેની સાથે પોતે પણ ત્યાં રહેશે તેમજ પતિને કોઈપણ પ્રકારે ન છેતરવાની તેમજ પોતે પણ તેનાથી નહીં છેતરાય તેવું વચન આપે છે. આ પ્રતિજ્ઞામાં માત્ર તેના પતિ પ્રત્યેની જ નહીં, પરંતુ તેના સાસુ-સસરા તેમજ સમગ્ર સગાં વહાલાં પ્રત્યેની ફરજની કટિબધ્ધતા દર્શાવવામાં આવી છે.

❖ **સાતમી અને છેલ્લી પ્રતિજ્ઞામાં :** કન્યા તેના પતિને તમામ પ્રકારના યજ્ઞ વિષયક કાર્યોમાં સહાય તદ્ઉપરાંત ધાર્મિક, આર્થિક તેમજ કામ વિષયક કર્મોમાં પણ પતિ કહે તેન વર્તવાની ખાત્રી આપે છે. અગાઉની પ્રતિજ્ઞાઓમાં પત્ની દરેક રીતે પતિનો સાથ નિભાવવાનું વચન આપે છે, પરંતુ અહીં ધાર્મિક કાર્યોમાં પણ જોડાજોડ રહેલાની ખાત્રી આપે છે. આમ સપ્તપદીમાં કન્યા દ્વારા લેવાતી પ્રતિજ્ઞા સાંસારિક જીવનને અલૌકિક જીવનમાં પરિવર્તિત કરવાની ખાત્રી આપે છે.

શાસ્ત્રોક્ત રીતે સપ્તપદીની વિધિ દ્વારા કન્યા દુલ્હારાજાનો પોતાના પતિ તરીકે સ્વીકાર કરે છે. બીજી રીતે જ્યાં સુધી સપ્તપદીની વિધિ પાર પાડવામાં મન આવે ત્યાં સુધી કન્યાને પરણેતર નહીં પણ કુંવારી જ માનવામાં આવે છે. લગ્નપ્રસંગ સામાજિક રીતે પરસ્પર એકબીજા સાથે સંબંધ બાંધતા બે પરિવારો માટે એક ઉત્સવ હોય છે. વર પક્ષ અને કન્યા પક્ષ એમ બે પરિવારો વચ્ચેના આ નવ સંબંધ દ્વારા એક નવું સામાજિક ધ્રુવીકરણ રચાય છે.વર-વધૂને માટે તો આ પ્રસંગ મહાઉત્સવ અને નવજીવનના મહાયજ્ઞ સમાન હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો સ્ત્રી અને પુરુષ માટે લગ્ન સંબંધનું જોડાણ એ તેમનો બીજો જન્મ હોય છે. જેમાં પુરુષે અને સ્ત્રીએ એકબીજાના વ્યક્તિત્વને સમજી જાણીને પરસ્પર પ્રેમ દ્વારા એકમેક પ્રત્યેની ફરજો અને જવાબદારીઓ પાર પાડવાની હોય છે. આ જવાબદારીઓને આપણા હિન્દુ ધર્મ શાસ્ત્રોમાં સપ્તપદીની સાત શરતોમાં આવરી લેવાઈ છે. લગ્ન પ્રસંગે હસ્તમેળાપ બાદ વર અને વધૂ પવિત્ર અગ્નિ સમક્ષ સાત ડગલા ચાલીને પરસ્પર પ્રેમ દ્વારા એકબીજા પ્રત્યેની જવાબદારીઓ નિભાવવાના શપથ ગ્રહણ કરે છે. આ શાસ્ત્રોક્ત વિધિને સપ્તપદી એવું સુંદર નામ આપણા શાસ્ત્રોએ આપ્યું છે. પ્રત્યેક સ્ત્રી અને પુરૂષ માટે લગ્ન જોડાણ બાદ સુમેળભર્યા જીવન નિર્વાહ માટે આ વિધિ અત્યંત આવશ્યક છે.

'વિવાહ સંસ્કાર'થી પવિત્ર વર-વધૂ પોતાના ગૃહસ્થજીવનમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મદત્સર એ ષડરિપુઓને વ્રતાચરણો દ્વારા મહાત કરીને બદલામાં પ્રેમ અને સંતોષ પ્રાપ્ત કરે છે એટલે જ લગ્ન દ્વારા મનુષ્યને ઋણમુક્ત થવાનું ધર્મશાસ્ત્ર સૂચવે છે. આ સંસ્કારનો હેતુ જીવને શુદ્ધ અને પવિત્ર બનાવવાનો છે. સદાચરણ અને સમ્યક ચારિત્ર્યથી સંસારને માણીને પુરૂષે પોતાની પત્ની સાથે પરમપદને પંથે સંચરવાનું છે.

**નોંધ :** ગોર શ્રી ગોપાલ ભટ્ટના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર લેખ તૈયાર કર્યો છે, આ માટે તેઓનો ખૂબ ખૂબ આભાર. ધન્યવાદ.

❖ ❖ ❖


# શ્રી બાલાસિનોર બોરીવલી ટ્રસ્ટ આયોજીત

બોરીવલી થી વિરાર સુધી વસતા નાગરિકો માટે જમણવાર તથા રક્ત દાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. (રક્તદાન કરી, બચાવો બીજાના પ્રાણ.)

**તારીખ : ૫-૧-૨૦૨૦**

**રવિવાર, સમય સવારે ૯.૦૦ થી બપોરે ૧.૩૦ સુધી**

**જમણવાર : ૧૨.૩૦ કલાકે**

**સ્થળ : ગુરુદ્વારા, સાંઈબાબા નગર, બોરીવલી (વે.)**

**વધુ માહિતી માટે સંપર્ક કરો**

**મંત્રી : હેમેન્દ્ર શાહ- ૯૮૨૦૦૧૧૫૮૬**

શ્રી ગોકુલેશો જયતિ

**૨૫મું વર્ષ**

# કાંદિવલીમાં વસતા સૌ બાલાસિનોરવાસીઓ

# ફગવા ઉત્સવ

સર્વદા સેવ્ય ચતુર્થાત્મજ શ્રીગોકુલનાથ પ્રભુચરણના પરમ અનુગ્રહથી શ્રીચતુર્થપીઠાધીશ્વર પૂજ્યચરણ શ્રીગુરુદેવ **ગોસ્વામી શ્રીદેવકીનન્દનાચાર્યશ્રીના** આત્મજ ઉદીયમાન ચતુર્થપીઠાધીશ પૂજ્ય ગોસ્વામી **શ્રીવિઠ્ઠલરાય બાવાશ્રીના** સાનિધ્યમાં મુંબઈ - કાંદિવલી વસતા શ્રીગોકુલેશચરણશરણ અનુરાગી બાલાસિનોરવાસીઓ ફગવા ઉજવશે.

**મંગળ અવસર - ગુર્જર મહા વદ ૮ સંવત ૨૦૭૬ તદનુસાર તા - ૧૬-૦૨-૨૦૨૦ ના રવિવાર**

સર્વદા સેવ્ય ચતુર્થાત્મજ શ્રીગોકુલનાથ પ્રભુચરણના ખેલના દર્શન, શ્રીપદવંદન, વચનામૃત અને રસિયા સાથે આ અવસરના સહભાગી થવા આપ સહુને ભાવભર્યું આમંત્રણ છે.

## ઉત્સવના મનોરથી



**ગં.સ્વ. મંજુલાબેન બાબુલાલ મોદી (મેઘલિયાવાળા)**

**ઉર્વશીબેન ગોપાલભાઈ, હિનાબેન મહેન્દ્રભાઈ**

**કિરણબેન શશિકાંતભાઈ, શિલ્પાબેન પરેશકુમાર**



### ❖ શોભાયાત્રા ❖

**મનોરથીના નિવાસસ્થાન ૧૦૪ શ્રી તિજ કો.ઑ. સોસાયટી, દેવ નગરની બાજુમાં, ભાટીયા સ્કૂલની પાછળ કાંદિવલી (વેસ્ટ) ખાતે મો.: 9320386341**

**નિવાસ સ્થાન : 022- 2863 8245 મો.- 9820463910** બપોરે ૧.૩૦ કલાકે સમાજ બેસશે.

તેમજ શોભાયાત્રા તેમના નિવાસ સ્થાનેથી બપોરના ૩.૦૦ કલાકે નીકળશે.

### ❖ ખેલના દર્શન ❖

**સાંજે ૬.૦૦ યુવક મંડળ સપ્તાહ ગ્રાઉન્ડ, કમલા વિહાર સ્પોટર્સ કલબની સામે, પોઈસર જીમખાના રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭.**

**ખાતે શ્રી ઠાકોરજીના ખેલનાં દર્શન થશે.**

**સાથે જ સૌ બાલાસિનોરવાસી સેવક - વૈષ્ણવો સાંજે દર્શન, શ્રીપદવંદન બાદ પ્રસાદ અવશ્ય લેશો.**

**લિ. મંજુલાબેન બાબુલાલ મોદી (મેઘલિયાવાળા)**

**ઉર્વશીબેન - ગોપાલભાઈ, હિનાબેન - મહેન્દ્રભાઈ, કિરણબેન - શશિકાંતભાઈ, શિલ્પાબેન - પરેશકુમાર, ડૉ. મુગેન, સાહીલ, ઉત્સવ, હેમાલી, મિતલ, ડેલિસા**

**લી. કાંદિવલીમાં વસતા બાલાસિનોરવાસીઓના આપ સર્વેને જે જે શ્રી ગોકુલેશ**

શ્રી ગોકુલેશો જયતિ

# શ્રી બાલાસિનોર ગોકુલનાથજી મંદિર

બાલાસિનોર

# શ્રી ફગવા ઉત્સવ

શ્રી બાલાસિનોર દશાનીમા તથા મુંબઈમાં રહેતા સર્વે દશાનીમા વૈષ્ણવો જોગ
ઉત્સવોનો ઉત્સવ એટલે ફગવા ઉત્સવ આ વર્ષે ફગવા ઉત્સવનું આયોજન

❖ ઉત્સવના મનોરથી ❖

**સ્વ. મણીબેન મણીલાલ શાહનો પરિવાર**

પ્રવીણચંદ્ર મણીલાલ શાહ — રાજુભાઈ મણીલાલ શાહ

વિજય મણીલાલ શાહ (કનુભાઈ) — સ્વ. શોભનાબેન પ્રવીણચંદ્ર મોદી

❖ કાર્યક્રમ ❖

## રવિવાર, તા. ૧-3-2020

સમય રાત્રે ૮.30 કલાક ઓર્કેસ્ટ્રા અને દાંડીયારાસ
સ્થળ - પાર્ટી પ્લોટ

## સોમવાર, તા. ૨-3-2020

સમય રાત્રે ૮.30 કલાક નૃત્ય-નાટિકા કૃપાશ્રી યમુનાજી
(આસ્થાની અલૌકિક ગાથા નાટય સ્વરૂપે
સ્થળ - પાર્ટી પ્લોટ





## મંગળવાર, તા. 3-3-2020

સમય બપોરે ૩.૦૦ કલાકે સમાજ બેસશે
સ્થળ : નિવાસ સ્થાન - હોળી ચકલા
સમય સાંજે ૫ થી રાત્રે ૯ કલાક રસીયા અને ભજન સંધ્યા
સ્થળ - પાર્ટી પ્લોટ


## બુધવાર, તા. ૪-3-2020

ફગવા મહોત્સવ સવારે ૯.30 કલાકે ગોકુલનાથજીના મંદિરેથી શોભાયાત્રા ફગવે પધારશે
અને ઠાકોરજીના ખેલના દર્શન અને રસિયા ગવાશે

---

નોંધ - તા. ૧,૨,૩,૪ ના રોજ સવારે નાસ્તાની વ્યવસ્થા દસાનીમા ની વાડીમાં રાખી છે.
તા. ૧,૨,૩ બપોરે અને રાત્રે પ્રસાદની વ્યવસ્થા - પાર્ટી પ્લોટ પર રાખી છે.
તા. ૪-૩-૨૦૨૦ રોજ રાત્રે પ્રસાદની વ્યવવસ્થા - પાર્ટી પ્લોટ પર રાખી છે.
તા. ૫-૩-૨૦૨૦ રોજ પ્રસાદની વ્યવવસ્થા - સવારે ૧૧.૩૦ ક. પાર્ટી પ્લોટમાં

।। श्रीगोकुलनाथो जयति ।।



जयतु गोकुलस्वामी वैश्वानरसुतात्मज :।
मोदन्ते स्वाश्रितान् सर्वान् यत् पादपद्मपाँसव :।।

# चि. श्रीगोकुलनाथ शुभ यज्ञोपवीत प्रस्ताव

### મિતિ વ્રજ ફાગણ સુદ ૨ થી ૫, ૨૦૭૬ તદનુસાર તાઃ ૨૫ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૦

આપણા ઘરના, અમારા અલૌકિક આત્મીય સમસ્ત સેવક-વૈષ્ણવ જન!

સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલનાથપ્રભુચરણ ના મહત્ કૃપાબળે અમારા (મારા પૌત્ર અને ચિ. શ્રીવિઠ્ઠલરાયના આત્મજ) ચિ. શ્રીગોકુલનાથ લાલનનો યજ્ઞોપવીત પ્રસ્તાવ કરવાનો આહ્લાદકારી નિશ્ચય હૃદયમાં કેળવ્યો છે. શ્રીદાદાજીના ચરણરજની કૃપાબળે આ માંગલિક પ્રસંગ ફાગણ સુદ ૨ થી ૫, સં. ૨૦૭૬ તદનુસાર તાઃ ૨૫ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૦ શુભ દિને નિર્ધાર કરેલ છે.

અમો, ઉત્સાહની ઉતાવળે આ માંગલિક સૂચનાનો આનંદ આપ બધા પણ પોતાના હૃદયમાં માણી શકો તેથી જ આ શુભ નિર્ધારની પ્રાથમિક જાણ આપ સૌને કરી રહ્યા છીએ.

અનેકાનેક આશીર્વાદ અને શુભેચ્છાઓ સહિત....

ગોસ્વામી શ્રીદેવકીનન્દનાચાર્ય
ગોસ્વામી શ્રીવિઠ્ઠલરાય
શ્રીગોકુલનાથજીકૌ ઘર, શ્રીમદ્ગોકુલ
ભાદ્રપદ સુદ ૮, શ્રીરાધાષ્ટમી
૬ સપ્ટેમ્બર ૨૦૧૯

---

**ततश्च आचार्यो माणवकाय उपवीतं ददाति स च प्रतिगृह्य परिधत्ते -**

*यज्ञोपवीतं परमं पवित्रं प्रजापतेर्यत् सहजं पुरस्तात्।*
*आयुष्यमग्र्यं प्रतिमुञ्च शुभ्रं यज्ञोपवीतं बलमस्तु तेज :।।*

**पारस्करगृह्यसूत्रम् काण्ड २, कण्डीका २, मन्त्र ११**

આચાર્ય-ગુરુ જ્યારે બ્રહ્મચારી-બટુકને યજ્ઞોપવીત પહેરાવે છે, ત્યારે યજ્ઞોપવીત ધારણ કરનાર બટુકના મુખથી નિસ્સૃત થતો વેદ-મન્ત્ર....

હે આચાર્ય! મને આપે પ્રદાન કરેલ બ્રહ્મ-સ્વરૂપ આ સૂત્રને હું વેષ્ટિત કરું છું. (અર્થાત્ મારા કંઠ અને વક્ષ પર બાંધી લઉં છું). યજ્ઞરૂપ પ્રજાપતિએ વેદમાં વિધાન કરાયેલા કર્મ કરવાનો અધિકાર સિદ્ધ થાય તે માટે *ઉપવીતં* યાનિકે યજ્ઞોપવીતની રચના કરી છે.

આ બ્રહ્મસૂત્ર *પરમ* એટલે પરમાત્માને જણાવે છે. આ બ્રહ્મસૂત્ર તેના ધારણ કરનારના સંપૂર્ણ અસ્તિત્વને પવિત્ર

કરનારું છે. પ્રજાપતિનું સ્વરૂપ ધારણ કરી સર્જનકર્તા બ્રહ્માની સાથે જ આ બ્રહ્મસૂત્ર પ્રગટ થયું છે. તેથી સૃષ્ટિના આરંભથી આ બ્રહ્મસૂત્ર બ્રહ્માની જેમ શુદ્ધ સ્વરૂપે પ્રગટ થયું છે.

આ બ્રહ્મસૂત્ર (મને - બ્રહ્મચારી-બટુકને) ફલપ્રદ દીર્ઘાયુષ્યને પ્રાપ્ત કરાવે તેમજ જેનો પ્રતિકાર ન થઇ શકે તેવા ધર્મને સિદ્ધ કરાવનારા નિર્મળ બળને પ્રદાન કરે છે.

## કાર્યક્રમ

**મિતિ ફાગણ સુદ ૨, ૨૦૭૬ તાઃ ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૦**

ગ્રહશાંતિ : સવારે ૯.૦૦ કલાક

**મિતિ ફાગણ સુદ ૩, ૨૦૭૬ તાઃ ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૦**

ગરબા : સાંજે ૬.૦૦ કલાક

**મિતિ ફાગણ સુદ ૪, ૨૦૭૬ તાઃ ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૦**

ગણેશસ્થાપન : સવારે ૯.૦૦ કલાક

કુલદેવતા સ્થાપન : સવારે ૯.૩૦ કલાક

વૃદ્ધિ સભા : સવારે ૧૧.૩૦ કલાક

પુણ્યાહવાચન : સાંજે ૫.૦૦ કલાક

વિનેકી (શોભાયાત્રા) : સાંજે ૬.૦૦ કલાક

**મિતિ ફાગણ સુદ ૫, ૨૦૭૬ તાઃ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૦**

મેધાજનન : સવારે ૧૧.૦૦ કલાક

## પ્રસ્તાવ સ્થળ: નવલખી મેદાન, વડોદરા

પૂજ્યચરણ શ્રીગુરુદેવની આજ્ઞાનુસાર
ઉપનયન પ્રસ્તાવ સમિતિ

**નોંધ – આપણા શ્રી ગોકુલનાથજીના ઘરમાં ૩૫ વર્ષ પછી આ અલૌકીક પ્રસંગ આવેલ છે. તો તમામ બાલાસિનોરના શ્રી ગોકુલનાથજીના ઘરના ચરણ–શરણ અનુરાગી વૈષ્ણવોએ અવશ્ય આ પ્રસંગે આવિને પ્રસંગની શોભામાં અભિવૃદ્ધી કરશો.**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

**(૧) ઈકો કેમ્પ :** તા. ૧૩-૧૦-૧૯ ના રોજ યોજવામાં આવેલ. કુલ ૭૦ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાંઆવેલ.

**(૨) છારી કાઢવાનો કેમ્પ :** તા. ૧૮-૧૦-૧૯ ના રોજ યોજવામાં આવેલ. કુલ ૨૨ દર્દીઓની આંખમાંથી રાહત દરેક છારી કાઢવામાં આવેલ.

**(૩) શ્રીમતી કોકીલાબેન જયંતિલાલ કડકીઆ (વલ્લભઘેલા) બ્લડ ડોનેશન કેમ્પ :** તા. ૨-૧૦-૧૯ના રોજ લાયન્સ કલબ ઓફ બાલાસિનોરના સહકારથી યોજવામાં આવેલ. જેમાં કુલ ૨૪ બોટલ બ્લડ એકત્ર કરવામાં આવેલ. જેમાં નડીઆદ ઈન્ડીયન રેડક્રોસ બ્લડ બેંકની સેવાઓ મળેલી.

**શ્રી કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં તા. ૧-૪-૨૦૧૯ થી ૩૦-૯-૨૦૧૯ દરમ્યાન**
**નીચે મુજબના વિવિધ વિભાગોમાં લાભ લીધેલ દર્દીઓની માહિતી.**

| | | | |
|---|---|---|---|
| ૧. | કમળાબેન ઓચ્છવલાલ કચેરીયા સુતિકા વિભાગ | - | ૨૬૨ |
| ૨. | શાંતિલાલ રવચંદદાસ શાહ (ચોકસી) સર્જીકલ વિભાગ | - | ૨૭૯૦ |
| ૩. | શ્રીમતી શર્મિષ્ઠાબેન અને રજનીકાંત નટવરલાલ કડકીઆ (ચોકસી) ગાયનેક વિભાગ | - | ૪૬૪૭ |
| ૪. | લીલાબેન અને ડૉ. બાબુભાઈ સાંકરલાલ દેસાઈ ફીજીશીયન વિભાગ | - | ૧૧૮૯૫ |
| ૫. | શ્રી ગોકુલનાથજી મંદિર રજત જયંતિ મહોત્સવ હિમોગ્લોબીન વિભાગ | - | ૬૨૪૫ |
| ૬. | ડૉ. મોહનલાલ નાથજીભાઈ ધારીઆ - પેથોલોજી વિભાગ | - | ૪૧૯૦ |
| ૭. | શાંતાબેન કંચનલાલ છોટાલાલ ગાંધી બ્લડ બાયોકેમેસ્ટ્રી વિભાગ | - | ૧૫૧૩૨ |
| ૮. | નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા) શીરોલોજી વિભાગ | - | ૧૨૩૯ |
| ૯. | મોહનલાલ લલ્લુભાઈ કડકીઆ (મરઘા) સોનોગ્રાફી વિભાગ | - | ૧૮૦૦ |
| ૧૦. | શ્રીમતી ઈન્દુબેન રસિકલાલ ધારીઆ (દલાલ) મનોચિકિત્સા વિભાગ | - | ૮૦૩ |
| ૧૧. | ઈચ્છાબેન મણીલાલ શાહ (ઝાટ) ઓપરેશન થિયેટર<br>રમેશચંદ્ર મોહનલાલ દેસાઈ (મેનપુરાવાળા) ઓપરેશન થિયેટર<br>મણીબેન સારંગી ઓપરેશન થિયેટર<br>મેજર ઓપરેશન - ૩૩૦ માયનોર ઓપરેશન - ૯૧૮ | } | ૧૨૪૮ |

**કે. એમ. જી. જનરલ હોસ્પિટલમાં વધુ નોંધાયેલ દાન :**

| | | |
|---|---|---|
| ૧. | ચંદ્રાકાંત સી. દેસાઈ (૬ મિતી) | રૂા. ૬૬૦૦૦/- |
| ૨. | ભરત નવનીતલાલ ધારીઆ | રૂા. ૩૫૦૦૦/- |

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં તા. ૧-૪-૨૦૧૯ થી ૩૦-૯-૨૦૧૯ દરમ્યાન નીચે પ્રમાણે રાહત આપવામાં આવેલ.**

- **દવાઓમાં** : રૂા.૯૪૪૦૨/
- **ઈન્ડોરમાં** : રૂા. ૪૫૭૫૦/-

**કુલ : રૂા. ૧૪૦૧૫૨/-**

ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત યોજનામાં રૂા. ૧૧૦૦૦/- નો ફાળો નોંધાવી
ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા દાતાશ્રીઓને વિનંતી.

**શ્રી નિતીન પરીખ, શ્રી પરેશ પરીખ - માનદ્ મંત્રીઓ**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

**(૧) ઈકો કેમ્પ :** તા. ૧૦-૧૧-૨૦૧૯ના રોજ યોજવામાં આવેલ. કુલ ૫૬ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

**(૨) છારી કાઢવાનો કેમ્પ :** તા. ૧૫-૧૧-૨૦૧૯ના રોજ યોજવામાં આવેલ. કુલ ૧૬ દર્દીઓના આંખમાંથી રાહત દરેક છારી કાઢવામાં આવેલ.

**કે. એમ. જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન**

| | | |
|---|---|---|
| ૧. | વિકાસ કો.ઓ. ક્રેડીટ સોસાયટી લી., બાલાસિનોર | રૂા. ૧૦૦૦૦૦/- |
| ૨. | શ્રી ચંદ્રવદન શાંતિલાલ શાહ | રૂા. ૫૦૦૦૦/- |
| ૨. | શ્રી અનીલભાઈ સનતકુમાર પરીખ | રૂા. ૧૦૦૦૦/- |

**કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટરમાં ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત યોજનામાં નોંધાયેલ દાન :**

| | | |
|---|---|---|
| ૧. | કોકિલાબેન દીનકરલાલ શાહ | રૂા. ૧૧૦૦૦/- |
| ૨. | શ્રી વિનોદચંદ્ર એમ. શાહ | રૂા. ૧૧૦૦૦/- |
| ૩. | શ્રી નીમીષ વિનોચંદ્ર શાહ | રૂા. ૧૧૦૦૦/- |
| ૪. | શ્રી પૌલોમી નીમીષ શાહ | રૂા. ૧૧૦૦૦/- |
| ૫. | શ્રી સમીર વિનોદચંદ્ર શાહ | રૂા. ૧૧૦૦૦/- |

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં તા. ૧-૪-૨૦૧૯ થી ૩૧-૧૦-૨૦૧૯ દરમ્યાન નીચે પ્રમાણે રાહત આપવામાં આવેલ.**

| | | | |
|---|---|---|---|
| - | **દવાઓમાં** | : | રૂા. ૨૯૮૮૮૫/ |
| - | **ઈન્ડોરમાં** | : | રૂા. ૧૫૩૨૦૫/- |
| - | **ઓપીડીમાં** | : | રૂા. ૩૪૮૧૫/- |
| | **કુલ** | : | **રૂા. ૪૮૬૯૦૫/-** |

કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટરમાં ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત યોજના હેઠળ તા. ૧-૪-૨૦૧૯ થી ૩૧-૧૦-૨૦૧૯ દરમ્યાન નીચે પ્રમાણે રાહત આપવામાં આવેલ.

| | | | |
|---|---|---|---|
| - | **દવાઓમાં** | : | રૂા. ૮૯૦૩૭/- |
| - | **ઈન્ડોરમાં** | : | રૂા. ૩૭૯૫૦/- |
| | **ઓપીડીમાં** | : | રૂા. ૩૨૦૦/- |
| | **કુલ** | : | **રૂા. ૧૩૦૧૮૭/-** |

૧૦૦૦ મિતીના લક્ષ્યાંક સામે ૩૭૦ મિતી નોંધાયેલ છે.

ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત યોજનામાં રૂા. ૧૧૦૦૦/- નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા દાતાશ્રીઓને વિનંતી.


**શ્રી નિતીન પરીખ, શ્રી પરેશ પરીખ - માનદ્ મંત્રીઓ**

Authorised Distributors

# POLYCAB

WIRES & CABLES





- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA** +91 9769025153

## PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

Publishing day 20th of every month

WPP License No. MR/TECH/WPP-147/South/2019
Regd.No.MCS / 050 / 2018 - 20
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month



**ANUKOOL** selections

**BACK TO SCHOOL VIA ANUKOOL**

**SCHOOL UNIFORMS & ACCESSORIES**
**FOR ALL LEADING SCHOOLS**

**NAVIN PAREKH** **RASESH PAREKH**

Anukool Selections, 542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.
Contact: 2361 2848 - 2369 4166, E: anukoolselections@gmail.com,
www.anukoolselections.com

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh
& Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

## વાર્ષિક સામાન્ય સભા

તા. ૨૮-૯-૨૦૧૯ નાં રોજ મળી હતી, જેમાં કાર્યવાહી મુજબ કામકાજ હાથ ધરવામાં આવ્યું હતું. ઠરાવો પસાર કરવામાં આવ્યાં હતાં. ત્યારબાદ કારોબારીની એક સભા તા. ૧૪-૧૧-૧૯ના રોજ મળી હતી. જેમાં કાર્યવાહી મુજબ કામકાજ હાથ ધરવામાં આવ્યું હતું.

**નવા હોદ્દેદારો નીચે મુજબ છે**

| | | |
|---|---|---|
| શ્રી નીતીન ન. દેસાઈ (નાગર) | - | પ્રમુખ |
| શ્રી સુધીર ચી. ધારીઆ | - | ઉપપ્રમુખ |
| શ્રી જતીન ન. દેસાઈ | - | માનદ્ મંત્રીઓ |
| શ્રી દીનેશ પી. શાહ | - | માનદ્ મંત્રીઓ |
| શ્રી રજેન ઓ. પરીખ | - | ખજાનચી |

શાળા સમિતીની નિમણુંક, શાળાઓના ઓડીટરોનું માન ધન તથા નિમણુંક વગેરે નક્કી કરવામાં આવ્યું હતું.

ઉપરોક્ત મંડળે બાલાસિનોર ખાતે તા. ૨૧-૧૧-૧૯ના દિવસે શિક્ષક વિદ્યાર્થી એકતા દિવસની ઉજવણી કરી. જેમાં દરેક શાળાનાં છોકરા / છોકરીઓ, પ્રિન્સીપલો, શૈક્ષણીક સ્ટાફ તથા કર્મચારી વર્ગના દરેકે દરેકને પ્રમુખશ્રી તરફથી સુંદર ભેટ આપવામાં આવી હતી. ત્યારબાદ આનંદ મેળાનું આયોજન પણ કર્યું. મંડળને નીચે મુજબના દાન પ્રાપ્ત થયાં.

- રૂા. ૩,૦૦,૦૦૦/- અંકે ત્રણ લાખ પુરા - ભારતીબેન રસીકલાલ મોદી તથા તેમના કુટુંબીજનો
- રૂા. ૧,૫૧,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ એકવાન હજાર પૂરા - ડૉ. દર્શના તથા ડૉ. ધવલ મુ. ગાંધી તેમની માતુશ્રીનાં નામે. કોકીલાબેન ચંદ્રકાંત ધારીઆ તથા કુસુમબેન મુળજીભાઈ ગાંધી.
- રૂા. ૩૧,૦૦૦/- શ્રી પ્રતીક્ષભાઈ નટવરલાલ શાહ
- રૂા. ૨૧,૦૦૦/- શ્રી હેમાંક રમેશભાઈ કડકીઆ

બાળમંદીરમાં નવા ચાર વર્ગ ખંડ બાંધવા માટે મંડળને પરવાનગી મળી.

લગભગ ચાર દાયકાથી મંડળને માન ધન લીધા વગર સેવા આપનાર શ્રી જગદીશ મણીલાલ શાહ (કડુજી) ચાર્ટડ એકાઉન્ટન્ટની સેવાની કદરરૂપે મંડળનાં દસ્તાવેજો રાખવાના રૂમને એમનાં નામે અર્પણ કર્યો.

વખતો વખત અમારી અપીલ છે કે કેળવણી મંડળને દાન આપી અમારી પ્રવૃત્તિઓને વેગ આપશો.

**મંત્રીઓ - શ્રી જતીન ન. દેસાઈ, શ્રી દિનેશ પૂ. શાહ**
**પ્રમુખ - શ્રી નીતીન ન. દેસાઈ (નાગર)**







## પ્રકીર્ણ વિભાગ

### મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ✤ મુકેશ નવનીતલાલ પારેખ (ચક્ષુદાન કરેલ છે) | ૬૯ |
| ✤ સુરેન્દ્ર ચંદુલાલ પરીખ | ૭૫ |
| ✤ ગં. સ્વ. રીટાબેન કિરણકુમાર કડકીઆ (ફાડીયા) | ૬૪ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**



**નેત્રદાન કરેલ છે**

**મુકેશ**
**નવનીતલાલ પારેખ**
**(ઉં.વ ૬૯)**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો – ૧૯૧૯**